Registration No. : WC-NFATAL-L/4/2014
Filing No. : WC-NFATAL-L/4/2014
Filed On : 17/04/2014
Registered On : 29/04/2014
Decided on : 31/12/2019
Duration : dd-02/mm-06/yy-05

**IN THE LABOUR COURT AT ANAND**

**W.C. Application Non Fatal NO. 4 OF 2014.**

**WC-NFATAL-LC/4/2014** **Exh.38**

**Applicant :**

1. **RAMJIBHAI S. MAKWANA**
   **160, SATYAM SHIVAM SUNDARAM SOCIETY,**
   **At.MOGARI, Ta.Di.ANAND**

**VERSUS**

**Opponent :**

1. **EIMCO ELECON (INDIA) LTD.**
   **ANAND-SOJITRA ROAD, VALLABHVIDYANAGAR, ANAND**
2. **DIVISION OFFICER, UNITED UNDIA INSURANCE CO. LTD.**
   (આંક : ૧૬ના હુકમ મુજબ પક્ષકાર તરીકે જોડ્યા)
   **RAMKRUSHNA SHOPPING CENTRE, MEFER ROAD, ANAND**

**Appearance:**
**U.T.MISHRA Advocate For Applicant**
**B.K.OZA Advocate For Opponent No.1**
**M.C.PATEL Advocate For Opponent No.2**

---

## JUDGMENT

(૧) અરજદારની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, અરજદાર આ કામના સામાવાળા સંસ્થા દ્વારા તા. ૦૬/૦૬/૧૯૭૭ના રોજના નિમણુંકપત્રથી શરૂઆતમાં હંગામી ફીટર હેલ્પર તરીકે તા. ૦૬/૦૬/૧૯૭૭ થી તા. ૦૬/૧૨/૧૯૭૭ સુધી કરવામાં આવેલ અને ત્યારબાદ સામાવાળા સંસ્થા દ્વારા અરજદારને નોકરીમાં કાયમી કરવામાં આવેલ અને હાલમાં પણ સંસ્થામાં એર કંડીશન પ્લાન્ટ ઓપરેટરના હોદ્દા ઉપર નોકરીની ફરજો બજાવી રહેલ છે અને સામાવાળા સંસ્થા તરફથી આશરે માસિક રૂા. ૧૪,૦૦૦/- ચુકવવામાં આવે છે. અરજદાર નોકરીમાં દાખલ થયા ત્યારથી તેમની ફરજો સંપૂર્ણપણે ખંતથી, વફાદારીથી અને પુરેપુરી કાર્યક્ષમતાથી બજાવતા આવેલ છે અને અરજદારે કામમાં કોઈ દિવસ બેદરકારી યા અનિયમિતતા દાખવેલ નથી. આમ અરજદારનો સર્વિસ રેકર્ડ બિલકુલ નિષ્કલંક અને ચોખ્ખો હતો અને છે. સામાવાળા સંસ્થામાં કુલ મળી આશરે ૧૦૦૦ થી

૧૫૦૦ જેટલા કામદારો નોકરીની ફરજો બજાવે છે અને સામાવાળા સંસ્થાને વિવિધ મજુર કાયદાની જોગવાઈઓ જેવી કે, આઈ.ડી.એક્ટ, મીનીમમ વેજીસ એક્ટ, ફેક્ટરી એક્ટ, ધી વર્કમેન કોમ્પેનસેશન એક્ટ, પેમેન્ટ ઓફ વેજીસ એક્ટ, પેમેન્ટ ઓફ બોનસ એક્ટ, પેમેન્ટ ઓફ ગ્રેજ્યુઈટી એક્ટ, મોડેલ સ્ટેન્ડીંગ ઓર્ડર્સ વિગેરે મજુર કાયદાની જોગવાઈઓ કાયદેસર લાગુ પડે છે અને તે તમામ મજુર કાયદાની જોગવાઈઓનું પાલન કરવાની સામાવાળા સંસ્થાની કાયદેસરની ફરજ અને જવાબદારી હતી અને છે. વધુમાં અરજદાર તા. ૨૧/૦૯/૧૯૮૩ના રોજ રાબેતા મુજબ નોકરીની ફરજો ઉપર હાજર હતા તે સમયે ચાલુ ફરજ પર કામગીરીના ભાગરૂપે લોખંડની પ્લેટોનું ગેસ કટીંગ કામ કરતા થયેલા અને તે પ્લેટોને હાથેથી ઉંચકીને એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જતા હતા પ્લેટ અરજદારના હાથમાંથી ખસકી જતાં સામેથી બીજી પ્લેટના સ્ક્રેપમાંથી લોખંડનો નાનો ટુકડો ઉડી અરજદારની ડાબી આંખે વાગતા અરજદારની ડાબી આંખને ગંભીર ઈજા થયેલ અને ગંભીર અકસ્માત નડેલો જેથી સામાવાળા સંસ્થાએ સંસ્થાના આણંદ ખાતેના ડો. શ્રી શ્યામકુમારના દવાખાનામાં અરજદારને પ્રાથમિક સારવાર માટે રીફર કરેલ જ્યાં સારવાર દરમ્યાન અરજદારને કોઈ ફર્ક કે સુધારો ન જણાતાં અરજદારે સામાવાળા સંસ્થાના અધિકારીઓને જણાવેલ કે, "સંસ્થાના ડોક્ટરશ્રીની સારવારથી અમારી ઈજાગ્રસ્ત આંખમાં કોઈપણ જાતનો સુધારો નથી જેથી સંદર્ભમાં ડો. શ્રી શ્યામકુમારનો સંપર્ક સાધા અમોને સારી સારવાર મળી રહે અને અમારી ડાબી આંખે પહેલાંની માફક રાબેતા મુજબ રોશની આવે તે માટે તજવીજ કરવા ભલામણ કરો." તેમ છતાં કોઈપણ જાતની ભલામણ ડો. શ્રી શ્યામકુમારને કરવાને બદલે સંસ્થાના અધિકારીઓ દ્વારા જણાવેલ કે, "ડોક્ટરશ્રી શ્યામકુમાર જે સર્ટીફીકેટ આપશે તે સંસ્થાને કબુલ રહેશે તે સિવાય તમારી કોઈપણ રજુઆત સાંભળવામાં આવશે નહીં" જેથી અરજદારે ફરીથી ડો. શ્રી શ્યામકુમારને ફરીયાદ કરી જણાવેલ કે, "અમારી ડાબી આંખે હજુ સારુ થયેલ નથી અને ડાબી આંખે દેખાતું નથી" ત્યારે ડો. શ્યામકુમારે જણાવેલ કે, "તમો કંપનીના કામદાર તરીકે મારા દર્દી છો એટલે કંપનીની સુચના મુજબ જ મારે તમને સારવાર આપવાની હોય, હું કંપનીનો ડોક્ટર હોવાથી કંપનીની સુચના મુજબ જ સારવાર આપવા બંધાયેલો છું, તમોને મારી સારવારથી સંતોષ ના જણાતો હોય તો તમે યોગ્ય લાગે તે બીજા

ડોક્ટરની સારવાર લઈ શકો છો, એમાં મને કોઈ વાંધો નથી." તા. ૧૩/૧૧/૧૯૮૩ના રોજ અરજદારને ફીજીકલ ફીટનેશ સર્ટીફીકેટ સદર ડોક્ટરશ્રી તરફથી આપવામાં આવે તે પહેલાં અરજદારને ડાબી આંખે મુશ્કેલી જણાતાં અને સ્પષ્ટપણે કોઈ દૃશ્ય ન દેખાતાં અરજદારે ખેડાની સિવિલ હોસ્પિટલ અને અમદાવાદ ખાતેની સિવિલ હોસ્પિટલમાં ડાબી આંખની તપાસ કરાવેલ જેમાં તપાસ બાદ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી, ખેડા સિવિલ હોસ્પિટલ તરફથી સિવિલ હોસ્પિટલ, અમદાવાદ પર તા. ૦૭/૧૧/૧૯૮૩ના રોજ પત્ર લખી અરજદારને અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં મોકલતાં ત્યાં તપાસ કરાવતાં સિવિલ હોસ્પિટલ તરફથી અરજદારની ડાબી આંખે ઓપરેશન કરાવવાની જરૂરીયાદ હોવાનું પ્રમાણપત્ર આપેલ જે મુજબ અમદાવાદ ખાતેની સિવિલ હોસ્પિટલમાં અરજદારની ડાબી આંખે તા. ૧૭/૧૧/૧૯૮૩ના રોજ સર્જરી કરવામાં આવેલ અને તા. ૨૫/૧૧/૧૯૮૩ સુધી અંદરના દર્દી તરીકે સારવાર લીધા બાદ અરજદારને તા. ૨૬/૧૧/૧૯૮૩ના રોજ ડીસ્ચાર્જ કરવામાં આવેલ અને એક મહીના સુધી આરામ કરવાની સલાહ આપવામાં આવેલ. ત્યારબાદ અરજદારે ખેડા સિવિલ હોસ્પિટલ ખાતે ફીજીકલ ફીટનેશ સર્ટીફીકેટ માટે સંપર્ક સાધતાં સિવિલ હોસ્પિટલ, ખેડા તરફથી અરજદાર ડાબી આંખે વાંચી શકતા ન હોવાથી અમદાવાદ ખાતેની સિવિલ હોસ્પિટલ ઉપર પત્ર લખી અરજદાર અગાઉની માફક ફરજ બજાવવા સક્ષમ છે કે કેમ અને કેટલા ટકા નુકસાની રહી ગયેલ છે તે બાબતે પત્ર લખેલ જે પત્રના આધારે અમદાવાદ ખાતેની સિવિલ હોસ્પિટલના સર્જન ડોક્ટરશ્રી તરફથી અરજદારને ૨૦% જેટલી નુકસાની રહી ગયેલ હોવાનું અને હળવા પ્રકારની કામગીરી કરવા માટેનું પ્રમાણપત્ર આપવામાં આવેલ જેમાં અરજદારને ચાલુ ફરજ ઉપર નોકરીની ફરજો દરમ્યાન નડેલ ગંભીર ઈજાને પરીણામે થયેલ નુકસાનમાં ઓપરેશન બાદ કોઈપણ જાતનો સુધારો શક્ય નથી તેવું જણાવવામાં આવેલ. સદર સર્ટીફીકેટ લઈ અરજદાર સામાવાળા સંસ્થામાં તા. ૦૪/૦૧/૧૯૮૪ના રોજ નોકરીની ફરજો બજાવવા માટે રાબેતા મુજબ હાજર થવા ગયા ત્યારે સામાવાળા સંસ્થાના વર્કસ મેનેજરશ્રી સી.કે.શાહે સંસ્થાના જનરલ મેનેજરશ્રી સી.ટી.દવેને પૃચ્છા કરેલ કે, "હવે આગળ શું કરવું?" ત્યારે સંસ્થાના જનરલ મેનેજરશ્રી કક્ષાના ઉચ્ચ અધિકારીશ્રી સી.ટી.દવેએ એકતરફી, મનસ્વી અને જુલ્મી રીતે તેમજ કિન્નાખોરી અને દ્વેષભાવ રાખી સંસ્થાના વર્કસ મેનેજરશ્રી

સી.કે.શાહને એવો આદેશ આપેલ કે, "અમદાવાદ સિવિલ સર્જનના તા. ૦૩/૦૧/૧૯૮૪ના પ્રમાણપત્ર બાબતે સંસ્થાના આણંદ ખાતેના ડોક્ટરશ્રી શ્યામકુમારનો શું અભિપ્રાય છે? લેખિતમાં માંગો." જે મુજબ સી.કે.શાહે તા. ૦૪/૦૧/૧૯૮૪ના રોજ સામાવાળા સંસ્થાના લેટર હેડ ઉપર પોતાની સહીથી તેમની પાસે અરજદારને ચાલુ ફરજ ઉપર નોકરીની ફરજો બજાવતી વખતે નડેલ ગંભીર અકસ્માતને લીધે રહેલ કાયમી પ્રકારની નુકસાનીની ટકાવારી અને લાઈટવર્કની ભલામણ અંગે કોમ્પીટન્ટ ઓથોરીટીનું સર્ટીફીકેટ હોવા છતાં જરૂરી સર્ટીફીકેટ મંગાવવામાં આવેલ જે પત્ર લઈ અરજદારે સામાવાળા સંસ્થાના વર્કસ મેન્જર શ્રી સી.કે.શાહને તેઓની સાથે ડો. શ્રી શ્યામકુમાર પાસે આવવા વિનંતી કરેલ જેથી તેઓએ અરજદારને જણાવેલ કે, "આ અંગે જે કંઈ કરવાનું છે તે તમામ બાબતો શ્રી સી.ટી.દવે સાહેબે ડો. શ્રી શ્યામકુમારને સમજાવી દીધેલ છે." જેથી તે પત્ર લઈ અરજદાર સામાવાળા સંસ્થાના આણંદ ખાતેના ડો. શ્રી શ્યામકુમાર પાસે ગયેલ અને તેમને મળતાં તેઓએ અરજદારને જણાવેલ કે, "હવે આ બાબત ગંભીર છે માટે હું હવે વિચારીને સર્ટીફીકેટ આપીશ." જેથી આ મતલબની જાણ અરજદારે સંસ્થાના વર્કસ મેનેજરશ્રી સી.કે. સાહેબને કરતાં તેઓએ અરજદારને જણાવેલ કે, "જ્યાં સુધી ડો. શ્યામકુમારનું સર્ટીફીકેટ ના આવે ત્યાં સુધી ફરજ મોકુફી ઉપર રહેવું." આમ અરજદારના કોઈપણ જાતના વાંક કે ગુના વગર તેમજ કોઈપણ જાતના વ્યાજબી કારણ વગર તા. ૦૬/૦૧/૧૯૮૪ના રોજથી તા. ૦૭/૦૧/૧૯૮૪ના રોજ સુધી સતત ડો. શ્રી શ્યામકુમાર પાસે સંસ્થાએ મંગાવ્યા મુજબનુ પ્રમાણપત્ર લેવા માટે ધક્કા ખાતા રહેલ જેથી ડો. શ્રી શ્યામકુમારને સામાવાળા સંસ્થાના ઉચ્ચ અધિકારીઓના આદેશ વિરૂધ્ધ અરજદારને તા. ૦૭/૦૧/૧૯૮૪ના રોજ તેમના લેટર પેડ ઉપર સિવિલ હોસ્પિટલ, અમદાવાદના સર્ટીફીકેટને સમર્થન મળે તે મતલબનું ખરું સર્ટીફીકેટ આપવાની ના છુટકે ફરજ પડેલ જેથી આ કામની સંસ્થાએ અરજદારને તા. ૦૭/૦૧/૧૯૮૪ના રોજ નોકરીની ફરજો બજાવવા હાજર થતાં ના છુટકે અનિચ્છાએ નોકરી પર રાખવાની ફરજ પડતાં અરજદારને સિવિલ હોસ્પિટલ, અમદાવાદ અને સામાવાળા સંસ્થાના પોતાના આણંદ ખાતેના ડો. શ્રી શ્યામકુમારના સર્ટીફીકેટની અવગણના કરી અગાઉની માફક જ અરજદાર પાસે રાબેતા મુજબની કામગીરી કરાવવાનું ચાલુ રાખવામાં આવેલ અને હળવા પ્રકારની કામગીરી અરજદારને

સોંપવાનો સંસ્થા દ્વારા ઈન્કાર કરી દેવામાં આવેલ તેમ છતાં અરજદાર શાંતિથી સોંપવામાં આવેલ નોકરીની ફરજો શિસ્તપૂર્વક અને પુરેપુરી વફાદારીથી બજાવતા હોવા છતાં સામાવાળા સંસ્થાના જનરલ મેનેજરશ્રી સી.ટી.દવે અને તેમના મળતીયા અધિકારીઓએ જાણીજોઈને અને ઈરાદાપૂર્વક અરજદારની ઈજાગ્રસ્ત આંખને વધુને વધુ લોડ પડે તે પ્રકારની વેલ્ડીંગની કામગીરી સોંપવાનું ચાલુ રાખેલ. જેના ભાગરૂપે તા. ૧૩/૦૨/૧૯૮૪ના રોજ અરજદારને સામાવાળા સંસ્થાના અધિકારીઓ દ્વારા સોંપવામાં આવેલ ફેબ્રીકેશન જોબની ટેક વેલ્ડીંગ કામગીરીને લીધે અરજદારની ડાબી આંખમાં લોહી જામી ગયેલ અને ડાબી આંખમાં અસહ્ય વેદનાઓ અને પીડા શરૂ થતાં દર્દ સહન ન થતાં અરજદારે તેમના ઉપરી અધિકારીઓને તે મતલબની ફરીયાદ કરતાં અરજદારને સંસ્થા દ્વારા કરમસદ ચારુતર હોસ્પિટલમાં સારવાર માટે રીફર કરેલ અને હોસ્પિટલમાંથી સર્ટીફીકેટ આપી સંસ્થાને અરજદારને હળવા પ્રકારનું કામ આપવું અને વેલ્ડીંગ પ્રકારના જોબથી દુર રાખવાની સુચના આપવામાં આવેલ છતાં અરજદાર પાસેથી સંસ્થા દ્વારા તેજ પ્રકારની કામગીરી કરાવવાનું ચાલુ રાખવામાં આવેલ. જ્યારે–જ્યારે અરજદાર સંસ્થાના અધિકારીઓ પાસે હળવા કામની માંગણી કરતા ત્યારે અધિકારીઓ દ્વારા "જે કામ સોંપવામાં આવે તે જ કામ કરવાનું રહેશે અને ના કરવું હોય તો અહીંથી નોકરી છોડી જતા રહો" તેવી મૌખિક ધમકીઓ આપવામાં આવતી હતી. ત્યારબાદ અરજદારને અગાઉની જ કામગીરી કરાવવાનું ચાલુ રાખવામાં આવતાં તા. ૦૮/૦૩/૧૯૮૪ના રોજ ફરીવાર વેલ્ડીંગ જોબનું કામ સોંપવામાં આવતાં તે કરતા હતા ત્યારે અરજદારની ઈજાગ્રસ્ત ડાબી આંખે અસહ્ય વેદનાઓ ઉપડતાં ફરીવાર તા. ૧૦/૦૩/૧૯૮૪ના રોજ ચારુતર કરમસદ હોસ્પિટલ ખાતે સારવાર માટે રીફર કરવામાં આવેલ અને ફરીવાર હોસ્પિટલ તરફથી અરજદારને હળવા પ્રકારની કામગીરી સોંપવા માટે ભલામણ કરેલ છતાં અરજદાર પાસે જોખમકારક કામગીરી કરાવવાનું ચાલુ રાખવામાં આવેલ જેથી ના છુટકે અરજદારે એડવોકેટશ્રી મારફત તા. ૨૨/૦૩/૧૯૮૪ના રોજ લીગલ નોટીસ સંસ્થાને મોકલાવતાં સંસ્થાના જનરલ મેનેજરશ્રી સી.ટી.દવેએ કામચલાઉ રીતે સંસ્થાના વર્કશોપથી બહાર એર કોમ્પ્રેશર ઓપરેટર તરીકે ફરજ બજાવવાનો મૌખિક આદેશ આપેલ અને અરજદારને આદેશના ભાગરૂપે સંસ્થાના વર્કસ મેનેજરશ્રી સી.કે.શાહે તે મુજબની કામગીરી સોંપેલ. આમ અરજદાર ઉપરોક્ત સમયગાળા

દરમ્યાન સંસ્થામાં કામ કરતા બહુમતી કામદારોના પ્રતિનિધી હોવાને લીથે તેમજ કામદારો વતી તેમની ન્યાયી, વ્યાજબી અને કાયદેસરની માંગણીઓ, ફરીયાદો અને મુશ્કેલીઓની રજુઆતો સંસ્થા તેમજ જે તે કોમ્પીટન્ટ ઓથોરીટી અને કોર્ટ સમક્ષ કરતા હોવાને લીધે સંસ્થાના અધિકારીઓ દ્વારા અરજદાર ઉપર પૂર્વાગ્રહ, કિન્નાખોરી અને દ્વેષભાવ રાખવામાં આવતા હતા જેના ભાગરૂપે અરજદારે નોકરી દરમ્યાન સામાવાળા સંસ્થા સમક્ષ ચાલુ ફરજ ઉપર નોકરીની ફરજો બજાવતી વખતે નડેલ ગંભીર અકસ્માતને લીધે રહી ગયેલ કાયમી પ્રકારની નુકસાનીની આકારણીના વળતરના નાણાંની વખતો વખત માંગણી કરવા છતાં અરજદારને તે મુજબ વળતરની ૨૦% લેખે થતી રકમ ચુકવી આપવામાં આવેલ પરંતુ વળતરની રકમ ચુકવવાની થતાં સંસ્થા દ્વારા અરજદાર ઉપર કિન્નાખોરી, દ્વેષભાવ અને પૂર્વાગ્રહ દાખવી સંસ્થા દ્વારા અરજદારની કામગીરીમાં ગેરવ્યાજબી અને ગેરકાયદેસરના ફેરફાર કરતા આવેલ જેના ભાગરૂપે લાઈટવર્કની ભલામણને લીધે અરજદારને સોંપવામાં આવેલ એર કંડીશન પ્લાન્ટ ઓપરેટરની કામગીરી અરજદાર પાસેથી પાછી લઈ લીધા બાદ ફરીથી વર્કશોપમાં સી.એન.સી. મશીન ઓપરેટર તરીકે બદલી કરી દેવામાં આવેલી અને ફરીવાર અરજદારને સંસ્થાની બિલાસપુર બ્રાંચ ખાતે તા. ૩૦/૦૯/૨૦૦૨ના રોજથી તા. ૩૧/૧૨/૨૦૦૨ના રોજ સુધી એર કંડીશન પ્લાન્ટ ઓપરેટર તરીકેની કામગીરી સોંપવામાં આવેલ. આમ સામાવાળા સંસ્થા દ્વારા તદ્દન એકતરફી, મનસ્વી અને જુલ્મી રીતે ચાલુ ફરજ ઉપર નડેલ ગંભીર અકસ્માતને લીધે અરજદારને રહી ગયેલ કાયમી પ્રકારની નુકસાનીની કોઈપણ જાતની દરકાર લીધા સિવાય અરજદારની કામગીરી અને ફરજનું સ્થળ બદલતી રહેલ અને છેલ્લે તા. ૧૩/૦૬/૨૦૦૫ના રોજથી અરજદારની બદલી સંસ્થા દ્વારા ઓરીસ્સા રાજ્ય ખાતે ઝારસુગુડા બ્રાંચમાં ટ્રાન્સફર કરવામાં આવેલ છે અને ત્યારથી સંસ્થાની તે ઓફીસના હેડ શ્રી એસ.સી.બનીકના કંટ્રોલ, દેખરેખ, અંકુશ અને સુપરવીઝન હેઠળ અરજદારને સોંપવામાં આવતી કામગીરી સતત, એકધારી અને નિયમિત રીતે બજાવી રહેલ છે અને ત્યાં પણ અરજદારને જે પ્રકારની કામગીરી સોંપવામાં આવી રહેલ છે તેના લીધે અરજદારને ડાબી આંખે ઓછું દેખાતું હોવાના લીધે ખુબ જ મુશ્કેલીઓ, કઠણાઈઓ અને યાતનાઓનો સામનો કરવો પડી રહેલ છે અને મોટાભાગે માત્ર એક જમણી આંખના ભરોસે જ અરજદારને સોંપવામાં આવતી

કામગીરી દિવસ-રાત બજાવી રહેલ છે જેથી અરજદારે તા. ૨૧/૧૧/૨૦૦૭ના રોજ ફરીવાર અમદાવાદ ખાતે સિવિલ હોસ્પિટલમાં આંખની તપાસ કરાવતાં ચાલુ ફરજ બજાવતી વખતે નડેલ ગંભીર અકસ્માતને લીધે થયેલ ઈજા બાદ સંસ્થા તરફથી સોંપવામાં આવેલ કામગીરીનો પ્રકાર, સ્વરૂપ, સ્થિતિ અને સંજોગોના લીધે નુકસાની ઉત્તરોત્તર વધી ગયેલ હોવાનું અને ૨૦%ની જગ્યાએ ૩૦% જેટલી વિઝ્યુલ ડીસેબીલીટી હોવાનું નિદાન કરી તે મુજબનુ પ્રમાણપત્ર આપવામાં આવેલ છે. આમ અરજદારને તા. ૨૧/૦૯/૧૯૮૩ના રોજ ચાલુ ફરજ પર નોકરીની ફરજો બજાવતી વખતે નડેલ ગંભીર અકસ્માતને લીધે રહી ગયેલ કાયમી  પ્રકારની નુકસાની ૨૦% થી વધીને ૩૦% થઈ ગયેલ છે જેથી અરજદારને રાબેતા મુજબની નોકરીની ફરજો બજાવવામાં તેમજ સામાન્ય પ્રકારનું જીવન જીવવામાં અસહ્ય શારિરીક કઠણાઈઓ ઉપરાંત માનસિક કઠણાઈઓ અને યાતનાઓનો સામનો કરવો પડી રહ્યો છે તેનું વર્ણન અરજીમાં થઈ શકે તેમ નથી. અરજદારને નુકસાનીનું પ્રમાણ વધવાને લીધે અને તે અંગે ૩૦% નુકસાનીનું સર્ટીફીકેટ સિવિલ હોસ્પિટલ, અમદાવાદ તરફથી આપવામાં આવેલ હોવાથી તે પૈકી ૨૦% પ્રમાણે નુકસાનીનુ વળતર સંસ્થા દ્વારા ચુકવી આપવામાં આવેલ હોવાથી બાકી રહેતી ૧૦% નુકસાનીની આકારણીના વળતરના નાણાં અરજદાર સામાવાળા સંસ્થા પાસેથી વસુલ લેવા કાયદેસર રીતે હક્કદાર હતા અને છે જે ચુકવી આપવાની ધી વર્કમેન કોમ્પેનસેશન એક્ટની જોગવાઈઓ હેઠળ સંસ્થાની કાયદેસરની ફરજ અને જવાબદારી હતી અને છે. વધુમાં હાલમાં અરજદારની ઉંમર ૫૪ વર્ષની છે જે ધ્યાને લેતાં વર્કમેન કોમ્પેનસેશન એક્ટની જોગવાઈઓ મુજબ ફેક્ટર ૧૩૯.૧૩ થાય છે અને હાલમાં અરજદારને માસિક રૂા. ૧૪,૦૦૦/- જેટલો પગાર ચુકવવામાં આવે છે તેના ૬૦% લેખે ગણતાં ૮૪૦૦×૧૩૯.૧૩=૧૧,૬૮,૬૯૨.૨૦ પૈસા જેટલી રકમ ધી વર્કમેન કોમ્પેનસેશન એક્ટની જોગવાઈઓ મુજબ ૧૦૦% વળતરની થાય અને તેના ૧૦% પ્રમાણે રૂા. ૧,૧૬,૮૬૯.૨૦ પૈસા જેટલી વળતરની રકમ અરજદારને ચાલુ ફરજ ઉપર નોકરીની ફરજો બજાવતી વખતે નડેલ ગંભીર અકસ્માતને લીધે રહી ગયેલ કાયમી પ્રકારની નુકસાનીની આકારણીના વળતર પેટે અરજદાર પેનલ્ટી, દંડ અને વ્યાજ સહીત વસુલ લેવા કાયદેસર રીતે હક્કદાર હતા અને છે. વધુમાં અરજદારે સામવાળા સંસ્થાને તેમના એડવોકેટશ્રી મારફતે તા.

૧૬/૧૧/૨૦૦૯ના રોજ લીગલ નોટીસ મોકલાવી ધી વર્કમેન કોમ્પેનસેશન એક્ટની જોગવાઈઓ મુજબ વળતરની પુરેપુરી રકમ ચુકવી આપવા વિનંતી કરા છતાં સામાવાળા સંસ્થા તરફે તે મુજબ વળતરની રકમ ચુકવી આપેલ નથી કે તે નોટીસનો કોઈ જવાબ સુધ્ધાં આપવાની તસ્દી લીધેલ નથી જેથી સદરહુ અરજી દાખલ કરવાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ હોય પેરા–૮માં જણાવ્યા પ્રમાણે દાદ માંગેલ છે.

(૨) સામાવાળાઓને નોટીસ ઈસ્યુ કરતાં તે બજી જતાં સામાવાળા નં. ૧ તરફે આંક : ૨૪થી લેખિત જવાબ રજુ કરી અરજદારની અરજીની હકીકતોનો ઈનકાર કરી ખરી હકીકતે જણાવેલ છે કે, સામાવાળા કંપની એ એન્જીનીયરીંગ ઉદ્યોગના વ્યવસાયમાં આવેલ એકમ છે અને આ કામના અરજદાર સામાવાળા કંપનીમાં એર કન્ડીશનર પ્લાન્ટમાં ઓપરેટરના હોદ્દા ઉપર કામ કરતા હતા અને અરજદારને નોકરી દરમ્યાનમાં તા. ૨૧/૦૯/૧૯૮૩ના રોજ ડાબી આંખે અકસ્માત થયેલ હતો અને તે બાબતે તેમને ડાબી આંખની જોવાની ૩૦% ક્ષમતા ઘટી ગયેલ હોવાને કારણે ૨૦%ની કાયમી અપંગતાનું સર્ટીફીકેટ આપવામાં આવેલ હતું. આમ અરજદાર જે ૩૦% કાયમી અપંગતાનું સર્ટીફીકેટ જે સિવિલ સર્જન, અમદાવાદે આપેલ હોવાનું જણાવે છે તે હકીકતમાં ડાબી આંખમાં ૩૦% જોવાની ક્ષમતાના ઘટાડાની ટકાવારી દર્શાવેલ છે નહીં કે કાયમી અપંગતાની ટકાવારી. આમ ૨૦% કાયમી અપંગતાનું સર્ટીફીકેટ જે અરજદારે તા. ૦૩/૦૧/૧૯૮૪ના રોજ સિવિલ સર્જન, અમદાવાદનું રજુ કરેલ હતું તે સંદર્ભમાં અરજદારને પુરેપુરું વળતર ચુકવી આપવામાં આવેલ છે ત્યારે પણ અરજદારે નામ. વળતર કમિશ્નર સાહેબ(સી.ડી.) નડીયાદ સમક્ષ ૧/૧૯૮૫ની વળતર મેળવવા માટેની અરજી કરેલ હતી અને સદર અરજી નામ. કોર્ટે સાંભળવામાંથી રદ કરેલ હતી. ત્યારબાદ અરજદારે સદર અરજી ફરી ફાઈલ પર લેવા માટે પરચુરણ અરજી નં. ૧૪૯/૧૯૮૭ની મહે. નડીયાદના (સી.ડી.) સાહેબ અને વર્કમેન કોમ્પેનસેશન સમક્ષ રજુ કરી હતી તે ત્યાં પણ સદર અરજી સાંભળવામાંથી રદ કરેલ હતી. આમ આ તમામ બાબતો છુપાવીને અરજદારે હાલની આ અરજી કરી અત્રેની અદાલતને ગુમરાહ કરવાનો પ્રયત્ન કરેલ છે. વધુમાં અરજદારની અરજીને પ્રિન્સીપલ ઓફ રેસજ્યુડીકેટા અને પ્રિન્સીપલ ઓફ એસ્ટોપલનો સિધ્ધાંત લાગુ પડે છે અને તે જોતાં પણ અરજદારની અરજી માત્ર

આજ મુદ્દા ઉપર કાયદેસર ચાલવાપાત્ર નથી અને અત્રેની અદાલતને અરજદારની આવી અને આવા પ્રકારની અરજીમાં કોઈપણ પ્રકારની દાદ અપાવવાની હકુમત પહોંચતી ન હોઈ તે સંજોગોમાં પણ અરજાદરની હાલની અરજી રદ થવાને પાત્ર હોઈ રદ કરવા અરજ કરેલ છે. વધુમાં અરજદારે રજુ કરેલ સોગંદનામામાં જણાવ્યા મુજબ અરજદારને અગાઉ સામાવાળા નં. ૧ કંપની તરફથી અકસ્માત વળતર પેટેના નાણાં મે. કમિશ્નરશ્રીએ ૨૦% નુકસાનીની આકારણી નક્કી કર્યા મુજબના રૂા. ૬૦૪૮/- તા. ૦૧/૦૩/૧૯૮૪ના રોજ ચુકવી આપેલ છે અને તે અંગેની પાકી પહોંચ પણ અરજદારે લખી આપેલ છે, જે નાણાં અરજદારને મળી ગયેલ હોવાની બાબત પણ અરજદારે પોતે સ્વીકારેલ છે તે સંજોગોમાં અરજદાર અકસ્માત પેટે બબ્બે વાર વળતરની રકમ મેળવવા હક્કદાર બનતા નથી તેમજ આવી કોઈ જોગવાઈ કામદાર વળતર અધિનિયમમાં કરવામાં આવેલ નથી. વધુમાં સામાવાળા નં. ૧ દ્વારા અરજદાના નિમણુંકપત્રની જોગવાઈઓ તેમજ કંપનીની કામગીરીને આધીન ટ્રાન્સફર કરેલ છે તેમજ અરજદાર દ્વારા ટ્રાન્સફરી જગ્યાએ ટ્રાન્સફર કર્યા પહેલાં કે પછી ડાબી આંખની તકલીફ બાબતે સામાવાળા નં. ૧ સંસ્થાને ક્યારેય લેખિત કે મૌખિક જાણ કરેલ નથી કે ટ્રાન્સફર કર્યા બાદ સામાવાળા નં. ૧ કંપની દ્વારા વેલ્ડીંગ કે વેલ્ડીંગની સમકક્ષ કોઈપણ પ્રકારની કામગીરી સોંપવામાં આવેલ નથી તે સંજોગોમાં પણ અરજદારની ડાબી આંખની તકલીફ બાબતે ઘણા વર્ષો બાદ પછીની રજુઆત પ્રથમ દ્રિષ્ટએ માની શકાય તેમ નથી. વધુમાં અરજદાર તરફથી ૨૦% વળતરની રકમ મેળવ્યા બાદ અરજદારે તા. ૦૧/૦૩/૧૯૮૪ થી જુલાઈ-૨૦૧૦ એટલે કે ૨૬ વર્ષ સુધી ક્યારેય કોઈ એવી લેખિત રજુઆત કરવામાં આવેલ નથી કે હજુ પણ આંખે જોવામાં તકલીફ પડે છે કે આંખમાં કોઈ સુધારો થયેલ નથી તે હકીકત જોતાં અરજદાર તરફથી માત્ર અને માત્ર ખોટી રીતે આર્થિક લાભ મેળવવાના એકમાત્ર આશયથી હાલની અરજી દાખલ કરવામાં આવેલ હોય તેવું સ્પષ્ટપણ જણાઈ આવે છે. વધુમાં હાલના કામે યુનાઈટેડ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ કંપની લી. તરફે જે લેખિત જવાબ રજુ કરવામાં આવેલ છે તેમાં પણ જણાવેલ છે કે, સામાવાળા કંપનીએ અરજદારને ડાબી આંખની નુકસાની બાબતે વળતરના નાણાંનું ચુકવણું થઈ ગાય બાદ ક્યારેય કોઈ વધુ નુકસાની બાબતે કોઈ રજુઆત કરેલ નથી જે સંદર્ભે અરજદાર દ્વારા આવી કોઈ જાણ છેલ્લા ૨૬ વર્ષ દરમ્યાન

સામાવાળા કંપનીને કરવામાં આવેલ ન હોઈ તેવા સંજોગોમાં સામાવાળા કંપની ઈન્સ્યોરન્સ કંપનીને પણ કોઈ જાણ કરી શકે નહીં તેમજ અરજદાર તરફે સત્ય હકીકતો અત્રેની ઓથોરીટી સમક્ષ તેમજ સામાવાળા કંપનીથી છુપાવેલ છે કારણ કે ખરેખર જો અરજદારને અકસ્માત થયા બાદ આંખે તકલીફ ચાલુ રહેલ હોત અગ તો આ બાબતે કોઈપણ તકલીફ હોત તો અરજદાર છેલ્લા ૨૬ વર્ષ દરમ્યાન ક્યારેક તો લેખિતમાં રજુઆત કંપનીને અવશ્ય કરેલ હોત પરંતુ હાથ ઉપરના કિસ્સામાં આવું બનેલ નથી જેથી અરજદારની અરજી ખોટી, ગેરમાર્ગે દોરનારી, વળતર કાયદાની જોગવાઈઓ વિરૂધ્ધની હોઈ કાયદેસર રીતે ચાલવાપાત્ર ન હોઈ સાંભળવામાંથી રદ કરવા અરજ ગુજારેલ છે.

(૩) જ્યારે સામાવાળા નં. ૨ ઈન્સ્યોરન્સ કંપની તરફે આંક : ૨૩થી લેખિત જવાબ રજુ કરી અરજદારની અરજીની હકીકતોનો ઈન્કાર કરી ખરી હકીકતે જણાવેલ છે કે, ઈન્સ્યોરન્સ કંપની દ્વારા સ્પષ્ટ રીતે સ્વીકાર્યા સિવાયની જણાવવામાં આવેલી હકીકતો, કથનો અને આક્ષેપો સાચા અને સ્વીકૃત નથી. કામદાર વળતરધારા ૧૯૨૩ હેઠળની જોગવાઈઓ હેઠળની દાખલ કરવામાં આવેલી હાલની અરજી ચાલવાપાત્ર નથી. અરજદારે વિમા કંપનીને સમય મર્યાદામાં નોટીસ મોકલેલ ન હોય તેથી પણ હાલની અરજી ખર્ચ સહીત રદ થવાને પાત્ર છે. લીમીટેશનના કાયદાની જોગવાઈનો બાધ આવતો હોય અરજી ખર્ચ સહીત રદ થવાને પાત્ર છે. હાલના કેસની હકીકતો અને કાયદાની જોગવાઈઓ ધ્યાને લેતાં હાલની અરજી કાયદા મુજબ ટકવાને પાત્ર ન હોય રદ થવા પાત્ર છે. કોર્ટને હકુમત ન હોય તેથી મુખ્ય અરજી રદ થવા પાત્ર છે. અરજીને રેસજ્યુડીકેટાના સિધ્ધાંતનો બાધ નડતો હોય તેથી મુખ્ય અરજી ખર્ચ સહીત રદ થવા પાત્ર છે. અરજદાર અને ઈન્સ્યોરન્સ કંપની વચ્ચે કોઈ કરાર થયેલ ન હોય જેથી કાયદાની દ્દષ્ટીએ મુખ્ય અરજી રદ થવા પાત્ર છે. અરજદારને ઈન્સ્યોરન્સ કંપની વળતર ચુકવવા જવાબદાર નથી. મુખ્ય અરજીને મીસ જોઈન્ડર ઓફ પાર્ટીઝનો બાધ નડતો હોય તેથી રદ થવાને પાત્ર છે. ઈન્સ્યોરન્સ કંપની ચુસ્તપણે પોલીસીની ટર્મ્સ અને કન્ડીશનથી બંધાયેલી છે. ઈન્સ્યોરન્સ કંપની અરજીના પેરા-૧ અને પેરા-૮માં લખેલી હકીકતોનો સ્વીકાર કરતી નથી અને અરજદારે તે તમામ હકીકતો સ્પષ્ટ પુરાવાથી પુરવાર કરવી જોઈએ. કામદારે કે માલિકે ઈન્સ્યોરન્સ કંપનીને અરજદારની વધુ ઈજા

અંગેની જાણ કરેલ નથી જેથી આંક : ૧માં દર્શાવેલ વળતરની રકમ ઈન્સ્યોરન્સ કંપની પાસેથી મેળવવા અરજદાર હક્કદાર નથી. કોઈપણ સંજોગોમાં નામ. અદાલત કોઈપણ પ્રકારના વળતર અપાવવા અંગેના તારણ પર આવે તો કાયદાના પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો મુજબ વિમા કંપની વ્યાજ અને દંડ માટે કે ખર્ચની રકમ આંક : ૧માં દર્શાવેલ છે તેના માટે જવાબદાર નથી. અમારા જવાબમાં સુધારો કરવાનો, ઉમેરો કરવાનો, વધારો કરવાનો અમારો હક્ક જરૂરી જણાય તો અબાધિત રાખીએ છીએ.

(૪) અરજદાર તરફે પોતાની અરજીના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

<u>મૌખિક પુરાવો</u> :-

આંક : ૨૫થી અરજદાર શ્રી રામજીભાઈ શીવાભાઈ મકવાણાનું જુબાની સ્વરૂપે સોગંદનામુ રજુ કરેલ છે તથા તે ઉપર સામાવાળાના વિ. વકીલશ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસ.

<u>દસ્તાવેજી પુરાવો</u> :-

(૧) નિ. ૩/૧થી સિવિલ હોસ્પિટલ, ખેડા તરફથી સિવિલ હોસ્પિટલ, અમદાવાદ ઉપર લખવામાં આવેલ પત્રની નકલ તા. ૦૭/૧૧/૧૯૮૩.

(૨) નિ. ૩/૨થી સિવિલ સર્જન, અમદાવાદ તરફથી આપવામાં આવેલ પ્રમાણપત્રની નકલ તા. ૧૧/૧૧/૧૯૮૩.

(૩) નિ. ૩/૩થી ડો. શ્યામકુમાર તરફથી શ્રી સી.કે.શાહ ઉપર લખવામાં આવેલ પત્રની નકલ.

(૪) નિ. ૩/૪થી સામાવાળા સંસ્થા તરફથી સિવિલ હોસ્પિટલ, અમદાવાદ ઉપર લખવામાં આવેલ પત્રની નકલ તા. ૧૩/૧૧/૧૯૮૩.

(૫) નિ. ૩/૫થી સિવિલ સર્જન, અમદાવાદ તરફથી આપવામાં આવેલ પ્રમાણપત્રની નકલ તા. ૦૨/૧૨/૧૯૮૩.

(૬) નિ. ૩/૬થી સિવિલ હોસ્પિટલ, ખેડા તરફથી સિવિલ હોસ્પિટલ, અમદાવાદ ઉપર લખવામાં આવેલ પત્રની નકલ તા. ૦૨/૦૧/૧૯૮૪.

(૭) નિ. ૩/૭થી સિવિલ સર્જન, અમદાવાદ તરફથી આપવામાં આવેલ પ્રમાણપત્રની નકલ તા. ૦૩/૦૧/૧૯૮૪.

(૮) નિ. ૩/૮થી સામાવાળા સંસ્થા તરફથી ડો. શ્યામકુમાર ઉપર લખવામાં આવેલ પત્રની નકલ તા. ૦૪/૦૧/૧૯૮૪.

(૯) નિ. ૩/૯થી ડો. શ્યામકુમાર તરફથી આપવામાં આવેલ સર્ટીફીકેટની નકલ તા. ૦૯/૦૧/૧૯૮૪.

(૧૦) નિ. ૩/૧૦થી સામાવાળા સંસ્થા તરફથી ડોક્ટરશ્રી ઉપર લખવામાં આવેલ પત્રની નકલ તા. ૧૩/૦૨/૧૯૮૪.

(૧૧) નિ. ૩/૧૧થી કરમસદ હોસ્પિટલ તરફથી આપવામાં આવેલ પ્રમાણપત્રની નકલ તા. ૦૯/૦૩/૧૯૮૪.

(૧૨) નિ. ૩/૧૨થી સામાવાળા સંસ્થા તરફથી કરમસદર હોસ્પિટલ ઉપર લખવામાં આવેલ પત્રની નકલ તા. ૧૦/૦૩/૧૯૮૪.

(૧૩) નિ. ૩/૧૩થી સામાવાળા સંસ્થા તરફથી અરજદારને આપવામાં આવેલ હુકમની નકલ.

(૧૪) નિ. ૩/૧૪થી સામાવાળા સંસ્થા તરફથી અરજદાર કામદારને ઓવરટાઇમ કામગીરીમાં રોકવા માટે આપવામાં આવેલ આદેશની નકલ, એનેક્ષર–એ થી ઈ સુધી.

(૧૫) નિ. ૩/૧૫થી સામાવાળા સંસ્થા તરફથી અરજદારને આપવામાં આવેલ કાર્યની ફેરબદલી અંગેના હુકમની નકલ તા. ૨૩/૦૨/૨૦૦૦.

(૧૬) નિ. ૩/૧૬થી સામાવાળા સંસ્થા તરફથી અરજદારને આપવામાં આવેલ ફરજ બદલીના હુકમની નકલ તા. ૧૩/૦૬/૨૦૦૫.

(૧૭) નિ. ૩/૧૭થી સિવિલ હોસ્પિટલ, અમદાવાદના પેશન્ટ કેસ ફાઈલની નકલ, એનેક્ષર–એ થી ડી સુધી તા. ૨૧/૧૧/૨૦૦૭.

(૧૮) નિ. ૩/૧૮થી અરજદારે સામાવાળા સંસ્થાને લખેલ પત્રની નકલ તા. ૧૧/૧૨/૨૦૦૭.

(૧૯) નિ. ૩/૧૯થી ઉપરોક્ત પત્ર સ્પીડ પોસ્ટથી મોકલ્યાની રસીદની નકલ.

(૨૦) નિ. ૩/૨૦થી પોસ્ટ ખાતા તરફથી ઉપરોક્ત પત્રની ડીલીવરી અંગે આપવામાં આવેલ પ્રમાણપત્રની નકલ.

(૨૧) નિ. ૩/૨૧થી અરજદારે સામાવાળા સંસ્થાને લખેલ પત્રની નકલ તા. ૧૮/૦૩/૨૦૦૮.

(૨૨) નિ. ૩/૨૨થી ઉપરોક્ત પત્ર સ્પીડ પોસ્ટથી મોકલ્યાની રસીદની નકલ.

(૨૩) નિ. ૩/૨૩થી સામાવાળા સંસ્થા તરફથી અરજદારને પગાર રીવાઈઝ કરવા અંગેના આપવામાં આવેલ પત્રની નકલ તા. ૩૦/૦૮/૨૦૦૮.

(૨૪) નિ. ૩/૨૪થી અરજદારના એડવોકેટશ્રીએ સામાવાળા સંસ્થાને મોકલેલ નોટીસની ઓફીસપ્રત તા. ૧૬/૧૧/૨૦૦૯.

(૨૫) નિ. ૩/૨૫થી ઉપરોક્ત નોટીસ સામાવાળા સંસ્થાને રજી.એ.ડી. કર્યા અંગેની મનીસ્લીપ અસલ.

(૨૬) નિ. ૩/૨૬થી અ.નં.૨૫ની નોટીસ સામાવાળા સંસ્થાને મળી ગયા અંગેની એક્નોલેજમેન્ટ અસલ.

(૨૭) નિ. ૩/૨૭થી અ.નં.૨૫ની નોટીસ સામાવાળા સંસ્થાને મળી ગયા અંગેની એક્નોલેજમેન્ટ અસલ.

(૨૮) નિ. ૩/૨૮થી અરજદારની જુલાઈ–ઓગષ્ટ–૨૦૦૯ માસની પગારસ્લીપની નકલો.

(૫) સામાવાળા તરફે તેમના બચાવમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

મૌખિક પુરાવો :– રજુ કરેલ નથી.

દસ્તાવેજી પુરાવો :– સામાવાળા નં. ૧ તરફે

(૧) નિ. ૧૭/૧થી અરજદારે નડીયાદ સિવિલ કોર્ટમાં દાખલ કરેલ ડબલ્યુ.સી. ૧/૧૯૮૫ની નકલ.

(૨) નિ. ૧૭/૨થી ઉપરોક્ત અરજીનો સંસ્થાના લેખિત જવાબની નકલ.

(૩) નિ. ૧૭/૩થી અરજદારે દાખલ કરેલ ડીલે અરજીની નકલ.

(૪) નિ. ૧૭/૪થી યુનાઈટેડ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ કંપનીનું ક્લેઈમ ફોર્મની નકલ.

(૫) નિ. ૧૭/૫થી યુનાઈટેડ ઈન્ડિયાના પત્રની નકલ, પોલીસી નં. ૨૭૬૦૦/૬૨/૧/૦૦૨૧૫/૮૨ તા. ૧૧/૦૧/૧૯૮૪.

(૬) નિ. ૧૭/૬થી યુનાઈટેડ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ કંપનીના પત્રની નકલ તા. ૧૫/૦૨/૧૯૮૪

(૭) નિ. ૧૭/૭થી યુનાઈટેડ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ કંપનીના પત્રની નકલ તા. ૦૭/૦૫/૧૯૮૮

(૮) નિ. ૧૭/૮થી મેમોરેન્ડમ ઓફ એગ્રીમેન્ટ ફોર્મ–એલની નકલ તા. ૨૧/૦૯/૧૯૮૩.

(૯) નિ. ૧૭/૯થી અરજદારના સર્ટીફીકેટની નકલ તા. ૧૧/૧૧/૧૯૮૩.

(૧૦) નિ. ૧૭/૧૦થી અરજદારને પેમેન્ટ કર્યાની રસીદ તા. ૦૧/૦૩/૧૯૮૪.

(૧૧) નિ. ૧૭/૧૧થી અશોક એલ.દવે, એડવોકેટે સંસ્થાને લખેલ પત્રની નકલ તા. ૧૭/૦૫/૧૯૮૫.

(૧૨) નિ. ૧૭/૧૨થી અશોક એલ.દવે, એડવોકેટે સંસ્થાને લખેલ પત્રની નકલ તા. ૦૨/૧૨/૧૯૮૫.

(૧૩) નિ. ૧૭/૧૩થી અશોક એલ.દવે, એડવોકેટે સંસ્થાને લખેલ પત્રની નકલ તા. ૦૭/૦૫/૧૯૮૮.

(૧૪) નિ. ૧૭/૧૪થી મેમોરેન્ડમ ઓફ એગ્રીમેન્ટ ડબલ્યુ.સી. રૂલ્સ ૧૯૨૪ની નકલ તા. ૦૧/૦૩/૧૯૮૪.

(૧૫) નિ. ૧૭/૧૫થી સંસ્થાએ યુનાઈટેડ ઈન્ડિયા ઈન્સ્યોરન્સને લખેલ પત્રની નકલ તા. ૦૭/૦૨/૧૯૮૪.

ઉપરોક્ત પુરાવાઓ સિવાય બન્ને પક્ષકારો તરફે અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ નથી. અરજદાર તરફે આંક : ૨૮થી ક્લોઝીંગ પુરસીસ રજુ કરી પુરાવો પુરો થયેલાનું જાહેર કરેલ છે. જ્યારે સામાવાળા નં. ૧ તરફે આંક : ૨૯થી પુરસીસ રજુ કરી પુરાવો પુરો થયેલાનું જાહેર કરેલ છે તેમજ સામાવાળા નં. ૨ તરફે આંક : ૩૧ની ક્લોઝીંગ પુરસીસથી પુરાવો પુરો થયેલાનું જાહેર કરેલ છે.

(૬) અરજદાર તરફે આંક : ૩૭થી લેખિત દલીલો રજુ કરેલ છે. જ્યારે સામાવાળા નં. ૧ તરફે તેમના વિ. વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

(૭) બન્ને પક્ષકારોના પ્લીડીંગ્સ તથા રેકર્ડ ઉપરની હકીકત ધ્યાને લેતાં હાલની અરજીના નિર્ણયઅર્થે મારા પુરોગામી ન્યાયાધીશ સાહેબશ્રીએ આંક : ૨૬થી નીચે મુજબના મુદ્દાઓ ઘડેલ છે.

(૧) શું અરજદાર પુરવાર કરે છે કે, અકસ્માત સમયે તેમની તથા સામાવાળા નં. ૧ વચ્ચે નોકર– માલિકના સંબંધ હતા?

(૨) શું અરજદાર પુરવાર કરે છે કે, તેમને સામાવાળા નં. ૧ને ત્યાં નોકરીની ફરજ દરમ્યાન અકસ્માતમાં ઈજાઓ થયેલી?

(૩) શું અરજદાર પુરવાર કરે છે કે, ઈજાના કારણે તેમને કાયમી ખોડ આવી ગયેલ છે? જો હા તો કેટલી?

(૪) બનાવ સમયે અરજદારની ઉંમર તથા આવક શું હતી?

(૫) શું સામાવાળા નં. ૧ પુરવાર કરે છે કે, તેઓએ કામદારો માટેનો સામાવાળા નં. ૨ પાસે સદર વાહનનો વિમો ઉતરાવેલ છે?

(૬) શું અરજદાર પુરવાર કરે છે કે, સામાવાળા નં. ૧ અને સામાવાળા નં. ૨નાઓ પાસેથી વળતરની રકમ મેળવવા હક્કદાર છે? જો હા તો કેટલી? અને કોની પાસેથી?

(૭) શું અરજદાર પુરવાર કરે છે કે, અરજદાર સામાવાળા નં. ૧ અને સામાવાળા નં. ૨નાઓ પાસેથી વળતરની રકમ ઉપર વ્યાજ તથા પેનલ્ટી મેળવવા હક્કદાર છે?

(૮) શું હુકમ?

(૮) ઉપરોકત મુદ્દાના નિર્ણયો કારણો સહીત નીચે મુજબ છે.

(૧) હકારમાં.

(૨) હકારમાં.

(૩) નકારમાં.

(૪) ઉં.વ. ૨૭, માસિક આવક રૂા. ૫૨૭/–

(૫) હકારમાં.

(૬) નકારમાં.

(૭) નકારમાં.

(૮) આખરી હુકમ મુજબ.

**-: <u>કા ર ણો</u> :-**

(૯) **<u>મુદ્દા નં. ૧, ૨ અને ૪</u> :-** સદરહુ મુદ્દા અરજદારને સામાવાળા સાથે માલિક-કામદારના સંબંધો અસ્તિત્વ ધરાવતા હોવા મતલબે તથા સામાવાળાની નોકરીની ફરજો દરમ્યાન ફરજ બજાવતી વખતે અકસ્માતે ઈજા થયા અંગેનો કાયદા અને હકીકતનો મિશ્ર પ્રશ્ન છે. આ કામે સામાવાળા નં. ૧ અને અરજદાર વચ્ચે માલિક-કામદારના સંબંધો અસ્તિત્વ ધરાવતા હોવા અંગે આંક : ૧૭ના લીસ્ટથી સામાવાળા નં. ૧ તરફે રજુ થયેલ રેકર્ડ પરના દસ્તાવેજી પુરાવાઓની હકીકતો ધ્યાને લેવામાં આવે તો નિ. ૧૭/૧થી અરજદારે નડીયાદ સિવિલ કોર્ટમાં દાખલ કરેલ ડબલ્યુ.સી. ૧/૧૯૮૫ની નકલ, નિ. ૧૭/૨થી ઉપરોક્ત અરજીનો સંસ્થાના લેખિત જવાબની નકલ, નિ. ૧૭/૩થી અરજદારે દાખલ કરેલ ડીલે અરજીની નકલ, નિ. ૧૭/૪થી યુનાઈટેડ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ કંપનીનું ક્લેઈમ ફોર્મની નકલ, નિ. ૧૭/૫થી યુનાઈટેડ ઈન્ડિયાના પત્રની નકલ, પોલીસી નં. ૨૭૬૦૦/૬૨/૧/૦૦૨૧૫/૮૨ તા. ૧૧/૦૧/૧૯૮૪ ની નકલ, નિ. ૧૭/૬થી યુનાઈટેડ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ કંપનીના પત્રની નકલ તા. ૧૫/૦૨/૧૯૮૪, નિ. ૧૭/૭થી યુનાઈટેડ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ કંપનીના પત્રની નકલ તા. ૦૭/૦૫/૧૯૮૮, નિ. ૧૭/૮થી મેમોરેન્ડમ ઓફ એગ્રીમેન્ટ ફોર્મ-એલની નકલ તા. ૨૧/૦૯/૧૯૮૩, નિ. ૧૭/૯થી અરજદારના સર્ટીફીકેટની નકલ તા. ૧૧/૧૧/૧૯૮૩, નિ. ૧૭/૧૦થી અરજદારને પેમેન્ટ કર્યાની રસીદ તા. ૦૧/૦૩/૧૯૮૪, નિ. ૧૭/૧૧થી અશોક એલ.દવે, એડવોકેટે સંસ્થાને લખેલ પત્રની નકલ તા. ૧૭/૦૫/૧૯૮૫, નિ. ૧૭/૧૨થી અશોક એલ.દવે, એડવોકેટે સંસ્થાને લખેલ પત્રની નકલ તા. ૦૨/૧૨/૧૯૮૫, નિ. ૧૭/૧૩થી અશોક એલ.દવે, એડવોકેટે સંસ્થાને લખેલ પત્રની નકલ તા. ૦૭/૦૫/૧૯૮૮, નિ. ૧૭/૧૪થી મેમોરેન્ડમ ઓફ એગ્રીમેન્ટ ડબલ્યુ.સી. રૂલ્સ ૧૯૨૪ની નકલ તા. ૦૧/૦૩/૧૯૮૪ અને નિ. ૧૭/૧૫થી સંસ્થાએ યુનાઈટેડ ઈન્ડિયા ઈન્સ્યોરન્સને લખેલ પત્રની નકલ તા.

૦૭/૦૨/૧૯૮૪ તથા અરજદાર તરફે આંક : ૩ના લીસ્ટથી રજુ કરેલ નિ. ૩/૨૩થી સામાવાળા સંસ્થા તરફથી અરજદારને પગાર રીવાઈઝ કરવા અંગેના આપવામાં આવેલ પત્રની નકલ તા. ૩૦/૦૮/૨૦૦૮. ઉપરોક્ત દસ્તાવેજી પુરાવાઓને ધ્યાને લેતાં તથા રેકર્ડ પર રજુ કરેલ સામાવાળા નં. ૧ તરફેના જવાબની હકીકતોને ધ્યાને લેતાં આ કામના અરજદાર તથા સામાવાળા નં. ૧ વચ્ચે માલિક–કામદારના સંબંધો અસ્તિત્વ ધરાવતા હોવા અંગે કોઈ તકરાર લેવામાં આવેલ નથી ઉપરાંત સામાવાળાની નોકરીની ફરજો દરમ્યાન ફરજ બજાવતી વખતે તા. ૨૧/૦૯/૧૯૮૩ના રોજ સામાવાળા કંપનીમાં અકસ્માતે ઈજા થયા અંગેની તકરાર સામાવાળા નં. ૧ તરફે લેવામાં આવેલ નથી તેમજ નિ. ૩/૨૩થી સામાવાળા સંસ્થા તરફથી અરજદારને પગાર રીવાઈઝ કરવા અંગે આપવામાં આવેલ પત્રની તા. ૩૦/૦૮/૨૦૦૮ની નકલ ધ્યાને લેતાં તે તા. ૩૦/૦૮/૨૦૦૮ના રોજના સમયગાળાની છે પરંતુ અકસ્માત સમયે અરજદાર માસિક રૂા. ૧૪,૦૦૦/– જેટલો પગાર  મેળવતા હોવાની હકીકતનો સામાવાળા નં. ૧એ ઈન્કાર કરેલ છે અને અરજદાર તરફે તે અંગે કોઈ લેખિત આધાર પુરાવો રેકર્ડ પર રજુ કરેલ નથી તેથી તે સંજોગોમાં અકસ્માત સમયે અરજદાર શું આવક મેળવતા હતા તે રેકર્ડ પર પ્રસ્થાપિત કરી શકેલ નથી પરંતુ નિ. ૧૭/૧૪નો દસ્તાવેજી પુરાવો ધ્યાને લેવામાં આવે તો વર્કમેન કોમ્પેનસેશન રૂલ્સ ૧૯૨૪ના રૂલ ૪૮ મુજબ મેમોરેન્ડમ ઓફ એગ્રીમેન્ટ રજુ કરેલ છે જેમાં કામદાર ૧૫(પંદર) વર્ષની ઉંમર વટાવી ચુકેલ હોવાની હકીકત જણાવેલ છે તથા તેઓની માસિક આવક રૂા. ૫૨૭/– દર્શાવેલ છે જેથી અરજદાર તરફે તેઓની ઉંમર અંગેના કોઈ દસ્તાવેજી પુરાવા રેકર્ડ પર રજુ થયેલ ન હોય જેથી સામાવાળા નં. ૧ તરફે ચારૂતર આરોગ્ય મંડળ હોસ્પિટલ એન્ડ મેડીકલ રીસર્ચ સેન્ટર, કરમસદ, ૩૮૮ ૩૨૫, ઓ.પી.ડી. કેસ નં. ૫૯૭૭૪ માં ઉંમરના કોલમમાં ગુજરાતીમાં ૨૭ વર્ષની ઉંમર તા. ૦૧/૦૨/૧૯૮૪ના રોજ દર્શાવવામાં આવેલ છે. રેકર્ડ પરના પુરાવાથી તેઓની ઉંમર અંગે ૧૯૮૪ના વર્ષમાં દર્શાવેલ ૨૭ વર્ષની ઉંમર ધ્યાને લેતાં  મુદ્દા નં. ૧ અને ૨નો જવાબ તે રીતે હકારમાં ઠરાવવામાં આવે છે અને મુદ્દા નં. ૪માં અરજદારની જન્મ તારીખનો કોઈ આધાર પુરાવો રજુ થયેલ ન હોય જેથી ઉપરોક્ત ચર્ચા કરેલ ચારૂતર આરોગ્ય મંડળના ઓ.પી.ડી. કેસ નં. ૫૯૭૭૪માં લખેલ ઉંમર ૨૭ વર્ષની ઠરાવી તેઓની માસિક આવક

રૂા. ૫૨૭/– ઠરાવવામાં આવે છે.

(૧૦) **મુદ્ધા નં. ૫ :–** સામાવાળા તરફે મુદ્ધા નં. ૫ પરત્વે કોઈ મૌખિક પુરાવો રજુ કરવામાં આવેલ નથી પરંતુ રેકર્ડ પર સામાવાળા નં. ૧ તરફે નિ. ૧૭/૧થી અરજદારે નડીયાદ સિવિલ કોર્ટમાં દાખલ કરેલ ડબલ્યુ.સી. ૧/૧૯૮૫ની નકલ, નિ. ૧૭/૨થી ઉપરોક્ત અરજીનો સંસ્થાના લેખિત જવાબની નકલ, નિ. ૧૭/૩થી અરજદારે દાખલ કરેલ ડીલે અરજીની નકલ, નિ. ૧૭/૪થી યુનાઈટેડ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ કંપનીનું કલેઈમ ફોર્મની નકલ, નિ. ૧૭/૫થી યુનાઈટેડ ઈન્ડિયાના પત્રની નકલ, પોલીસી નં. ૨૭૬૦૦/૬૨/૧/૦૦૨૧૫/૮૨ તા. ૧૧/૦૧/૧૯૮૪ ની નકલ, નિ. ૧૭/૬થી યુનાઈટેડ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ કંપનીના પત્રની નકલ તા. ૧૫/૦૨/૧૯૮૪, નિ. ૧૭/૭થી યુનાઈટેડ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ કંપનીના પત્રની નકલ તા. ૦૭/૦૫/૧૯૮૮, નિ. ૧૭/૮થી મેમોરેન્ડમ ઓફ એગ્રીમેન્ટ ફોર્મ–એલની નકલ તા. ૨૧/૦૯/૧૯૮૩, નિ. ૧૭/૯થી અરજદારના સર્ટીફીકેટની નકલ તા. ૧૧/૧૧/૧૯૮૩, નિ. ૧૭/૧૦થી અરજદારને પેમેન્ટ કર્યાની રસીદ તા. ૦૧/૦૩/૧૯૮૪, નિ. ૧૭/૧૧થી અશોક એલ.દવે, એડવોકેટે સંસ્થાને લખેલ પત્રની નકલ તા. ૧૭/૦૫/૧૯૮૫, નિ. ૧૭/૧૨થી અશોક એલ.દવે, એડવોકેટે સંસ્થાને લખેલ પત્રની નકલ તા. ૦૨/૧૨/૧૯૮૫, નિ. ૧૭/૧૩થી અશોક એલ.દવે, એડવોકેટે સંસ્થાને લખેલ પત્રની નકલ તા. ૦૭/૦૫/૧૯૮૮, નિ. ૧૭/૧૪થી મેમોરેન્ડમ ઓફ એગ્રીમેન્ટ ડબલ્યુ.સી. રૂલ્સ ૧૯૨૪ની નકલ તા. ૦૧/૦૩/૧૯૮૪ અને નિ. ૧૭/૧૫થી સંસ્થાએ યુનાઈટેડ ઈન્ડિયા ઈન્સ્યોરન્સને લખેલ પત્રની નકલ તા. ૦૭/૦૨/૧૯૮૪ના દસ્તાવેજી પુરાવાઓની હકીકતોને ધ્યાને લેતાં કામદાર માટેનો સામાવાળા નં. ૨ પાસે વિમો ઉતરાવેલાનું રેકર્ડ પર પ્રસ્થાપિત થતું હોય નિ. ૧૭/૪થી યુનાઈટેડ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ કંપનીનું કલેઈમ ફોર્મની નકલ, નિ. ૧૭/૫થી યુનાઈટેડ ઈન્ડિયાના પત્રની નકલ, પોલીસી નં. ૨૭૬૦૦/૬૨/૧/૦૦૨૧૫/૮૨ તા. ૧૧/૦૧/૧૯૮૪ની નકલ, નિ. ૧૭/૬થી યુનાઈટેડ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ કંપનીના પત્રની નકલ તા. ૧૫/૦૨/૧૯૮૪, નિ. ૧૭/૭થી યુનાઈટેડ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ કંપનીના પત્રની નકલ તા. ૦૭/૦૫/૧૯૮૮ને ધ્યાને લેતાં મુદ્ધા નં. ૫નો જવાબ તે રીતે હકારમાં ઠરાવવામાં

આવે છે.

(૧૧) **<u>મુદ્દા નં. ૩, ૬ અને ૭</u> :-** આંક : ૨૫થી અરજદાર તરફે પોતાનો સોગંદ પરનો પુરાવો રજુ રાખવામાં આવેલ છે. તેઓની ઉલટ તપાસમાં એ હકીકત સ્વીકારે છે કે, એ વાત ખરી છે કે, તે સમયે મને ૨૦ટકા કાયમી ખોડ આવેલ છે તે અંગેનું મેડીકલ સર્ટીફીકેટ રજુ કરેલું અને મેડીકલ સર્ટીફીકેટના ખરાપણા વિશે મને કોઈ શંકા નથી. એ વાત ખરી છે કે, મને આવેલ ખોડ અંગે તે સમયે પર્યાપ્ત વળતર મળેલું હતું. એ વાત ખરી છે કે, નડીયાદ સીનીયર ડીવીઝન સમક્ષ વળતર અરજી નં. ૧/૧૯૮૫થી દાખલ કરેલ. એ વાત ખરી છે કે, નડીયાદ સિવિલ કોર્ટે મારી ઉપરોક્ત વળતર અરજી નામંજુર કરતાં તે ફરી ફાઈલે લેવા માટે પરચુ. અરજી નં. ૧૪૯/૧૯૮૭ દાખલ કરેલી. એ વાત ખરી છે કે, નડીયાદ સિવિલ કોર્ટે એ અરજી પણ રદ કરેલી. અકસ્માત થયા બાદ મને થયેલ ઈજાની અસર સને ૨૦૦૭માં થયેલ છે. મને ૨૦૦૭માં જે અસર થયેલી તે અકસ્માતના કારણે જ થયેલ હતી તેવું હું એ આધારે કહું છું કે, કંપનીએ મને હળવું કામ ન આપતાં મારી આંખોને વધારે નુકસાન થાય તેવું કામ સોંપેલું અને તે અંગે મેં અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં તા. ૨૧/૧૧/૨૦૦૭ના રોજ આંખના ડોક્ટરને બતાવેલ તે આધારે કહું છું. એ વાત ખરી છે કે, મને આંખોમાં ઈજા થયા બાદ હાલની વળતર અરજી હું ૨૬ વર્ષ બાદ કરેલ છે. મેં તા. ૨૨/૧૧/૨૦૦૭ના રોજ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાંથી સર્ટી. મેળવેલ અને હાલની અરજી તા. ૦૮/૦૭/૨૦૧૦ના રોજ દાખલ કરેલ છે. એ વાત ખરી છે કે, સર્ટી મળ્યા બાદ મેં ત્રણ વર્ષ સુધી કોઈ કોર્ટ કાર્યવાહી કરેલ નથી. અકસ્માત થયો ત્યારે હું આસી. ફીટર હેલ્પરના હોદ્દા ઉપર હતો. અકસ્માત થયા બાદ ૧૯૮૫માં હું વર્કસ કમિટીના લીડર તરીકે હતો અને હું યુનિયન પણ ચલાવતો હતો અને તે યુનિયનનું નામ વિદ્યાનગર ઔદ્યોગિક કામદાર મંડળ હતું અને તેનો પ્રમુખ પણ હતો. યુનિયન પ્રમુખ તરીકે હું કામદારોના હક્કો બાબતેની કોર્ટ કાર્યવાહી જે તે સમયે હું કરતો હતો અને પગાર વધારા અને અન્ય કેસો પણ હું દાખલ કરતો હતો અને તેવા કેસોમાં સમાધાન ન થાય તો તેવા કેસો ચલાવતા હતા. અકસ્માત થયા બાદ યુનાઈટેડ ઈન્ડીયા ઈન્સ્યોરન્સ કંપનીએ વળતરની રકમ જમા કરાવેલ હતી અને એ વળતરની રકમ મેં ઉપાડી લીધેલી છે. તા. ૧૩/૦૬/૨૦૦૫થી ઓરીસ્સા મુકામે આવેલ ઝાડસુગુડા ખાતે સામાવાળાની બ્રાંચ ત્યાં આવેલ

છે ત્યાં હું પરચુરણ કામદારના હોદ્દા પર ફરજ બજાવું છું. એ વાત ખરી છે કે, અહીં જે કામ કરતો હતો તે કામ હું ત્યાં નથી કરતો. એ વાત ખરી છે કે, હાલમાં હું સને ૨૦૦૫થી ફક્ત લોડીંગવાળું કામ કરું છું. એ વાત ખરી છે કે, એમ્કો એલીકોન કંપનીમાં તા. ૧૯/૦૯/૧૯૮૩માં અકસ્માત થયેલો. એ વાત ખરી છે કે, ૩૩ વર્ષ પછી અત્રેની અદાલતમાં જુબાની આપવા આવેલ છું. મને થયેલ ઈજા સંદર્ભે ડોક્ટર પાસેથી ખોડનું પ્રમાણપત્ર મેળવી આ વળતર અરજી દાખલ કરેલ છે. એ વાત ખરી છે કે, મને જે કાયમી ખોડનું પ્રમાણપત્ર ડોક્ટરે આપેલું તે આધારે ક્લેઈમ ફોર્મ ભરવા અર્થે સામાવાળા નં. ૧ કંપનીને આપેલ અને સામાવાળા નં. ૧એ વિમા કંપનીને તે ક્લેઈમ ફોર્મ આધારે વળતરની રકમ નક્કી કરેલ તે રકમ મેં મેળવી લીધેલ. એ વાત ખરી છે કે, જે તે સમયે જે વળતર મેળવેલું તે સમયે રકમ બાબતે મેં કોઈ વાંધો લીધેલો ન હતો. એ વાત ખરી છે કે, વિમા કંપનીએ જે તે સમયે ફુલ એન્ડ ફાયનલ સેટલમેન્ટ તરીકે વળતરની રકમ ચુકવી આપેલી. આમ રેકર્ડ પરનો ઉપરોક્ત પુરાવો ધ્યાને લેતાં અરજદાર ખુદ એ હકીકત સ્વીકાર કરે છે કે, ૨૦ટકા કાયમી ખોડ અંગેનું જે મેડીકલ સર્ટીફીકેટ ડોક્ટરશ્રી દ્વારા આપવામાં આવેલ છે તેના ખરાપણા અંગે તેઓને કોઈ શંકા નથી. વધુમાં અરજદાર ખુદ એવી હકીકતનો પણ સ્વીકાર કરે છે કે, મને આવેલ ખોડ અંગે તે સમયે પર્યાપ્ત વળતર મળેલું હતું. ઉપરાંત અરજદારને થયેલ અકસ્માત બાદ તેઓ ફરજ ઉપર હાજર થઈને પોતાની ફરજો બજાવેલ છે. એટલું જ નહીં પરંતુ તેઓની ટ્રાન્સફર કરવામાં આવેલ તે ટ્રાન્સફરના સ્થળે જઈને પોતાની નોકરીની ફરજો બજાવેલ છે અને સને ૨૦૦૫થી ફક્ત લોડીંગવાળું કામ કરતા હોવાની હકીકત સ્વીકારેલ છે. અરજદાર દ્વારા પોતાના સોગંદ ઉપરના પુરાવામાં એવી હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ૨૦૦૭માં જે અસર થયેલ છે તે અકસ્માતની ઈજાના કારણે તેઓને થયેલ છે અને એવી હકીકતનો પણ સ્વીકાર કરે છે કે, તેઓને આંખોમાં ઈજા થયા બાદ હાલની વળતરની અરજી ૨૬ વર્ષ બાદ કરેલ છે. ઉપરાંત અરજદાર દ્વારા તા. ૨૨/૧૧/૨૦૦૭ના રોજ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાંથી મેડીકલ સર્ટીફીકેટ મેળવ્યા બાદ તેઓએ હાલની અરજી તા. ૦૮/૦૭/૨૦૧૦ના રોજ દાખલ કરેલ છે અને પ્રમાણપત્ર મેળવ્યા બાદ ત્રણ વર્ષ સુધી કોઈ જ કાર્યવાહી કરેલ નથી જે બાબતે કાયદાની અજ્ઞાનતા હોવાનું રેકર્ડ પરથી પ્રસ્થાપિત થતું નથી પરંતુ અરજદાર ખુદ પોતાની સોગંદ ઉપરની ઉલટ તપાસ

દરમ્યાન કોર્ટ રૂબરૂ એવી હકીકતનો સ્વીકાર કરે છે કે, અરજદાર અકસ્માત થયા બાદ ૧૯૮૫માં વિદ્યાનગર ઔદ્યોગિક કામદાર મંડળના પ્રમુખ તરીકે કામદારોના હક્કો બાબતોની કોર્ટ કાર્યવાહી અરજદાર જાતે કરતા હતા અને પગાર વધારા અને અન્ય કેસો પણ તેઓ દાખલ કરતા હતા. વળી ઈન્સ્યોરન્સ કંપનીની વળતરની જમા કરાવેલ રકમ અરજદાર દ્વારા ઉપાડી લેવામાં આવેલ છે અને જે તે સમયે તે વળતર અંગે કોઈ તકરાર પણ લેવામાં આવેલ ન હોવાનું અરજદારે સ્વીકાર કરેલ છે. એટલું જ નહીં પરંતુ જે તે સમયે વળતર મેળવેલું તે ફુલ એન્ડ ફાયનલ સેટલમેન્ટના વળતરની રકમ ચુકવી આપેલાની હકીકતનો પણ અરજદાર સ્વીકાર કરે છે. વધુમાં અરજદાર એવી હકીકતનો પણ સ્વીકાર કરે છે કે, અકસ્માત ૧૯૮૩માં થયા બાદ ૩૩ વર્ષ પછી અદાલતમાં જુબાની આપવા માટે હાજર થયેલ છે.

(૧૩) આ કામે ઉપરોક્ત પુરાવાની હકીકત ધ્યાને લેતાં ૨૦૦૭ના વર્ષમાં ૩૦ટકા અપંગતાનું પ્રમાણપત્ર મેળવેલ છે. આ અપંગતા અંગેનો બનાવ ૧૯૮૪ પહેલાંનો છે. ૧૯૮૪ પહેલાં ૨૦ટકા ખોડ અંગેનું વળતર અરજદાર તરફે સ્વીકારવામાં આવેલ છે અને તે અંગેના નિ. ૧૭/૧ થી નિ. ૧૭/૧૫ સુધીના દસ્તાવેજી પુરાવાઓ સામાવાળા નં. ૧ તરફે રેકર્ડ પર રજુ કરવામાં આવેલ છે અને જે તે સમયે અરજદાર તરફે ૨૦ટકા ખોડ અંગેના વળતર અંગે કોઈ વાંધો તકરાર ઉઠાવેલ નથી. વધુમાં રેકર્ડ પરના પુરાવા પરથી અરજદારે અકસ્માત થયા બાદ પોતાની નોકરી નિવૃત્ત થયા ત્યાં સુધી કરેલ છે અને તેઓને પગારખાધ આ અપંગતાના કારણે ગયેલ હોવા અંગે અથવા તો અરજદારે જે કાયમી અપંગતાનું ૨૦ટકા પ્રમાણપત્ર હતું તે મેળવી લીધા બાદ તા. ૨૧/૦૯/૧૯૮૩ના અકસ્માતના કારણે તેઓને સને ૨૦૦૭ના વર્ષમાં સિવિલ સર્જન ખેડાના પત્રને લઈને અમદાવાદ મુકામે તા. ૧૭/૧૧/૧૯૮૩ના રોજ સર્જરી કરી અંદરના દર્દી તરીકે સારવાર લઈ તા. ૨૬/૧૧/૧૯૮૩ના રોજ ડીસ્ચાર્જ થયા છે અને તા. ૦૭/૦૧/૧૯૮૪ના રોજ ફરીથી પોતાની નોકરી પર હાજર થયેલ છે. નિ. ૧૭/૮માં લોસ ઓફ અર્નીંગ કેપેસીટી ૨૦ટકા દર્શાવવામાં આવેલ છે તેમાં અરજદારની તથા સાક્ષીની સહી છે. ફોર્મ-એલ, મેમોરેન્ડમ ઓફ એગ્રીમેન્ટ છે. નિ. ૧૭/૧૦ ૨૦ટકા પ્રમાણે ચુકવેલ રકમની રસીદ છે અને નિ. ૧૭/૧૪ કાયદાના રૂલ ૪૮ મુજબનું મેમોરેન્ડમ ઓફ એગ્રીમેન્ટ છે જેમાં રકમ મળ્યા અંગેની રસીદ છે અને તેમાં અરજદારની

સહી છે અને નિ. ૧૭/૧૦થી કંપનીની રસીદ છે જેમાં લખેલ વિગત મુજબ રકમ આપી છે. આંક : ૧૬થી ૧/૧૯૮૪માં પક્ષકાર તરીકે પોલીસી લીધેલ હકીકત ૧૯૮૪ના વર્ષમાં અરજદારના ધ્યાન પર લાવવામાં આવેલ છે તેમ છતાં આ કામે વિમા કંપનીને જોડેલ ન હોય આંક : ૧૬થી પક્ષકાર તરીકે જોડવા માટે અરજી આપવામાં આવેલ છે. નિ. ૧૭/૪ યુનાઈટેડ ઈન્ડીયાની પોલીસી રજુ છે જેના નં. ૨માં છેલ્લા કોલમમાં પિરીયડની સામે તા. ૧૬/૦૩/૧૯૮૩ થી તા. ૧૫/૦૩/૧૯૮૪નો એક વર્ષનો સમય દર્શાવેલ છે અને તેમ છતાં અહીં ઈન્સ્યોરન્સ કંપનીને જોડેલ નથી. ઉપરાંત આંક : ૧ની અરજીમાં આ કામે અરજદારે નામ. નડીયાદ અદાલત સમક્ષ કરેલ કેસોની હકીકતો છુપાવી છે તથા આંક : ૨૫થી અરજદારની સોગંદ ઉપરની જુબાનીમાં પણ અગાઉના કેસની હકીકતો જણાવેલ નથી જે જોતાં અરજદાર દ્બારા રેકર્ડ પર મહત્વની હકીકતો છુપાવી હાલની અરજી કરેલાનું ફલિત થાય છે. અરજદાર યુનિયનના પ્રમુખ હોય જેથી લેબર લોઝની જોગવાઈઓથી માહીતગાર હોય તેઓને ઓછા શ્રમ બોજની કામગીરી આપેલી પરંતુ તેવી હકીકત પણ રેકર્ડ પર છુપાવીને હાલની અરજી કરવામાં આવેલ છે. આ કામે સૌથી મહત્વની હકીકતનો મુદ્દો ગણવામાં આવે તો રેકર્ડ પર અરજદારે તા. ૨૧/૦૯/૧૯૮૩ના રોજ થયેલ અકસ્માતમાં થયેલ ઈજાની ૨૦ટકા અંગેની ખોડનું પ્રમાણપત્ર રજુ કરી નિયમ મુજબનું વળતર મેળવી લીધેલ છે. જે તે સમયે અરજદાર દ્બારા વળતર મેળવ્યું ત્યારે તે વળતર અંગેની કોઈ વાંધા તકરાર વર્કમેન કોમ્પેનસેશન એક્ટના રૂલ ૪૮ મુજબનું મેમોરેન્ડમ ઓફ એગ્રીમેન્ટની જોગવાઈ મુજબની વિગતે વળતર મેળવી લીધેલ છે તે સમયે પણ તેઓ તરફે કોઈ વાંધા તકરાર પોતાને ૨૦ટકા આવેલ હોય અને તેનાથી વધુ ખોડ હોવા અંગે કે ખોડ માટે ઓછું વળતર આપ્યા અંગેની કોઈ વાંધા તકરાર લેવામાં આવેલ નથી. હવે રેકર્ડ પર જ્યારે અરજદાર તા. ૨૧/૦૯/૧૯૮૩ના રોજ પોતાની ચાલુ ફરજ ઉપર નોકરીની ફરજો બજાવતી વખતે નડેલ ગંભીર અકસ્માતને લીધે રહી ગયેલ કાયમી પ્રકારની નુકસાનીની આકારણીની વળતરના નાણાં વસુલ લેવા માટે જ્યારે સને ૨૦૧૦ના વર્ષમાં હાલની અરજી દાખલ કરી વળતરની માંગણી કરેલ છે ત્યારે ૧૯૮૩ના વર્ષમાં થયેલ અકસ્માતના કારણે અરજદારને સને ૨૦૦૭ના વર્ષમાં કાયમી ખોડ રહી ગઈ હોવાની હકીકત અરજદાર તરફે નિષ્ણાંત ડોક્ટરશ્રીના પુરાવાના આધારે પુરવાર કરવાની રહે, હાલના કામે

રેકર્ડ પર અરજદાર તરફે મેળવવામાં આવેલ ખોડ અંગેના પ્રમાણપત્ર બાબતે નિષ્ણાંત ડોક્ટર દ્વારા રેકર્ડ પર તેઓનો કોઈ પુરાવો રજુ થયેલ નથી કે જેના આધારે અત્રેની અદાલત એ નિષ્કર્ષ પર આવી શકે કે, ૧૯૮૩ના વર્ષમાં થયેલ અકસ્માતના કારણે સને ૨૦૦૭ના વર્ષમાં આ કામના અરજદારને જે ખોડ આવેલ છે તે ૧૯૮૩ના વર્ષના અકસ્માતના કારણે આવેલ છે અને આ હકીકત માત્રને માત્ર નિષ્ણાંત ડોક્ટરશ્રીના કોર્ટ રૂબરૂ હાજર થઈ આપેલ પુરાવાથી રેકર્ડ પર પુરવાર કરી શકાય તેવી હકીકત હોય નિષ્ણાંત ડોક્ટરશ્રીનો કોઈ પુરાવો અરજદાર તરફે તેઓને ૧૯૮૩ના વર્ષના અકસ્માતના કારણે થયેલ હોવા અંગે રજુ કરેલ નથી. જે જોતાં રેકર્ડ પર અરજદાર તરફે અગાઉ ૧૯૮૩ના વર્ષમાં થયેલ ઈજા અંગે તેઓએ વળતર મેળવેલ છે ત્યારે ૧૯૮૩ના વર્ષના અકસ્માતના કારણે સને ૨૦૦૭ના વર્ષમાં ખોડ ૩૦ટકા થયેલ હોવા અંગેના નિષ્ણાંત ડોક્ટરશ્રીના મૌખિક પુરાવાના અભાવે મુદ્દા નં. ૩નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં. ૬, ૭નો જવાબ મુદ્દા નં. ૩માં ઠરાવ્યા મુજબ નકારમાં ઠરાવી મુદ્દા નં. ૮ પરત્વે ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-: <u>હુકમ</u> :-**

(૧) અરજદારની વળતર મેળવવાની અરજી નં. ૪/૨૦૧૪ ખર્ચ સહીત નામંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. ૩૧મી, માહે ડીસેમ્બર, સને ૨૦૧૯ના રોજ આણંદ મુકામે ખુલ્લી અદાલતમાં મારી સહી કરી વાંચી સંભળાવી જાહેર કર્યો.

**Date : 31/12/2019**
**Place : ANAND**

**MS. NIMISHA GANGARAMBHAI SURATI**
**GJ00711**
**Ex officio commissioner for the Employee's compensation Act (Judge)**
**LABOUR COURT,ANAND.**

K.K.PRANKADA : PA